
## વડીલોને વંદન અભિનંદન




જયેન્દ્રકુમાર વી. માંકડ
(૧૯૪૦)ફોન:૨૩૨૩૩૮૬૯



ભરતભાઈ એ. કવિ
(૧૯૪૭)ફોન:૨૩૨૮૯૯૯૫



ડાહ્યાભાઈ ચતુરભાઈ પટેલ
(૧૯૪૬)ફોન:૨૩૨૧૦૬૪૮



રાવલ અરૂણભાઈ બી.
(૧૯૪૨)મો. ૭૫૬૭૨૦૮૩૬૯


# સે. ૭માં દરવાજામાં ઈન્ટરલોક સાથે બાકોરૂ પાડી ઘરફોડ ચોરી

## બે દરવાજાના તાળા તોડીને રાત્રે મકાનમાં ઘુસેલા તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૩.૪૧ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૨૫

શહેરના સેક્ટર-૭-એ ખાતે બંધ મકાનમાં ગઈ રાત્રી દરમ્યાન તસ્કરોએ મોટો હાથફેરો કરી નાંખ્યો હતો. મકાનના બે દરવાજાના તાળા તોડી ઈન્ટરલોક સાથે દરવાજાનું ચોકઠુ તોડી નાંખી ઘુસેલા તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૩.૪૧ લાખની મત્તા સાફ કરી ગયા હતા. મકાન માલીકને ઘરફોડની જાણ થતા પોલીસ બોલાવી લીધી હતી. સે. ૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મુળ ધોળાકુવા ગામના અને હાલ સેક્ટર-૭-એ, પ્લોટ નં. ૩૪૦/૧ખાતે રહેતા પંકજજી ગાંડાજી ઠાકોરના સે. ૭ના બંધ મકાનને ગઈ રાત્રી દરમ્યાન તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ગઈ સાંજે ૬.૦૦ વાગ્યાથી આજે બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન તેમના મકાનના મુખ્ય દરવાજાનું હેન્ડલ અને લોક તોડીને તસ્કરો બીજા દરવાજે પહોંચ્યા..! બીજા દરવાજાને અંદરથી ઈન્ટરલોક મારેલુ હતુ. તસ્કરોએ આખુ ઈન્ટરલોક સાથે દરવાજામાં બાકોરૂ જ પાડી નાંખ્યુ ને અંદર ઘુસીને રૂમમાંથી ૬ તોલાની સોનાની રૂદ્રાક્ષની માળા, ૩ તોલાની સોનાની વીંટી, ચાંદીના સિક્કા, અન્ય સોનાની વિંટીઓ, બચતના રોકડા રૂપિયા, બેંકના દસ્તાવેજો, ડેબીટ અને ક્રેડીટ કાર્ડ મળીને સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૩.૪૧ હજારની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસ મથકના સિનિ. પી.આઈ. એલ.બી. મોણપરાએ પંકજજીની ફરીયાદ મુજબ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સ્ટીલ આર્ટ ફેસ્ટીવલના બીજા દિવસે રવિવારની રજા હોવાને કારણે પ્રદર્શન જોનારાઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

### સે. ૧૬ બ્રહ્મભવનમાં દેવી સુકતમના ભાવાર્થની સ્પર્ધા યોજાશે

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ અને જ્યોતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે મહાનવરાત્રિ નિમિત્તે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાનવરાત્રિ પર્વે તા. ૨૭મીને મંગળવારના રોજ બપોરે ૨ કલાકે બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે 'દેવુ સુકતમ' ના ભાવાર્થની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાશે. આ સ્પર્ધામાં નગરની બહેનોને લાભ લેવા પ્રમુખ પ્રતિભાબેન દવે, મીનળબેન ઓઝા તથા લતાબેન ચોકસીએ અનુરોધ કર્યો છે.

### આજે આંબેડકર હોલમાં વકતવ્ય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨માં સ્થિત આંબેડકર ભવનમાં આજે તા. ૨૬મીને સાંજે ૪ કલાકે ગાંધીનગરના જાણીતા લેખકના વકતવ્યનો કાર્યક્રમ યોજાશે. દલિત સાહિત્ય વિમર્શમંચના ઉપક્રમે જાણીતા દલિત સામયિક 'દલિત અધિકાર'ના દસ વર્ષ નિમિત્તે 'દલિત અધિકાર : દાયકાનું સરવૈયું' વિષય પર જાણીતા પત્રકાર અને કટાર લેખક નટુભાઈ પટેલના વકતવ્યનો કાર્યક્રમ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે. જેમાં સર્વે સાહિત્ય પ્રેમીઓને પધારવા જણાવાયું છે.

### સે. ૨૨માં અછબડાનો કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સે. ૨૨માં અછબડાનો એક કેસ નોંધાયો છે. ધો. ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અછબડાનો શિકાર બની છે.

આ બાળા હાલ ખાનગી તબીબની સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા સે. ૨૨માં પણ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.



### પોલીસની સુમો અને બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરના સે-૨૨/૨૯ બસ સ્ટેન્ડ પાસેથી આજે સવારના અરસામાં બાઈક લઈને જતા એક સીઆરપીએફ જવાનને પોલીસની સુમો ગાડીએ ટકકર મારતાં જવાન ફેંકાઈ ગયો હતો. તાત્કાલીક ઘાયલ બાઈક ચાલક જવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા સે-૨૧ પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી. જો કે સીઆરપીએફ જવાનની હાલત સુધારા પર જણાતા પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

### નગરજનોમાં ઉત્સાહનો અભાવ - બેચેની

## ફોગી વાતાવરણથી વાયરલ ફીવરના દર્દીઓમાં વધારો : રૂટીન વર્કમાં પણ માનસિક બેચેની

ગાંધીનગર, તા. ૨૫

કોલ્ડવેવ, વાદળિયુ વાતાવરણ અને વરસાદી વાયરા વચ્ચે વાયરલ ફીવરે માથુ ઉચકયું છે. વિચિત્ર વાતાવરણની અસરથી નગરજનો સ્ફુર્તીની ઋતુમાં સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. મૌસમના આ મિજાજથી નાગરિકો માનસિક રીતે નિરસતા અનુભવી રહ્યા હોવાની અસર ઉઠવા પામી છે.

વળતા શિયાળે આક્રમક બનતા કોલ્ડવેવના લીધે નગરજનો ઠંડીમાં ઠુઠવાઈ રહ્યા છે. ઠંડીના પારાની વધ ઘટ વચ્ચે નગરનું જનજીવન પણ વિશેષરૂપે પ્રભાવિત જોવા મળે છે. પ્રતિદીન ઠંડીનો મિજાજ બદલાય છે. ન્યુનતમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. બીજી તરફ આકાશમાં વારંવાર વાદળો ગોરંભાયેલા નજરે પડતા સૂર્યપ્રકાશની

**વેધર ઈફેક્ટ**

ગેરહાજરી વચ્ચે આક્રમક બનતા કોલ્ડવેવની અસર વધુ વર્તાય છે. વાતાવરણમાં નાટયાત્મક બદલાવ વચ્ચે વરસાદ પણ હાજરી પુરાવી જતા પવનના સુસવાટા અને વાદળિયા માહોલમાં ઠંડીની અસર બેવડાઈ છે. ફોગી અને વાદળિયા વાતાવરણના લીધે ઠંડીની ઋતુ વિચિત્ર બનતા નગરજનો રૂટીન વર્કમાં પણ સુસ્તી અનુભવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. બેચેની અનુભવતા શહેરીજનોમાં મૌસમની અસરથી ઉત્સાહનો પણ અભાવ વર્તાઈ રહ્યો હોવાનું પણ તબીબી સૂત્રો જણાવી રહ્યા છે. આ અંગે ડૉ. બદ્રીશ સંઘવીએ જણાવ્યું હતું કે વાદળિયા વાતાવરણ વચ્ચે કોલ્ડવેવની અસરથી છેલ્લા બે ત્રણ દિવસથી વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યા વધી છે. નાકમાંથી પાણી ટપકવા ઉપરાંત આંખોમાં બળતરા તેમજ ગળામાં બેકટેરીયલ ઈન્ફેકશના દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે.

## ટાઇમલાઇન.... • બીજા પાનાનું ચાલુ

### ગુજરાત પછી હવે વાયબ્રન્ટ કચ્છ ...

ગાંધીનગરના આંગણે યોજાયેલી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ પછી રાજય સરકારે કચ્છમાં વાયબ્રન્ટ સમિટનું આયોજન કર્યુ છે. ૨૭માં ફેબ્રુઆરીથી ૧લી માર્ચ સુધી ચાલનારી આ સમિટમાં યુએસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, હોલેન્ડ, ઓમાન, કેન્યા, યુગાન્ડા, ચાઈના, બ્રાઝિલ અને સાઉથ આફ્રીકાના ડેલિગેશન્સ ઉપસ્થિત રહેવાના છે. કહેવાય છે કે કચ્છના લોકો સમગ્ર વિશ્વમાં છવાયેલા છે. કચ્છના બિઝનેસમેન મુંબઈમાં છે અને યુએસમાં પણ છે. ૧૫૦૦ થી વધુ બિઝનેસમેન આ સમિટમાં હાજર રહે તેવો ટારગેટ રાખવામાં આવ્યો છે. આ સમિટમાં હાજરી આપી શકાય તે હેતુથી રાજય સરકારે મુંબઈથી વાયબ્રન્ટ કચ્છ એક્સપ્રેસ ટ્રેઈન દોડાવવાનું નક્કી કર્યુ છે...

### દ્વારકા હવે હેરિટેજ નકશામાં કેદ થશે ...

દેવભૂમિ દ્વારકા હવે વિશ્વના હેરિટેજ નકશામાં કેદ થવાની તૈયારીમાં છે, કારણ કે ભારત સરકારે દ્વારકાના હેરિટેજ ડેવલપમેન્ટ માટે ૨૨ કરોડ ફાળવી આપ્યા છે. દંતકથા છે કે ભગવાન શ્રીકૃષ્ણએ ૪૦૦૦ વર્ષ પહેલાં દ્વારકા વસાવી હતી જે કાળક્રમે સમુદ્રમાં ડૂબી ગઇ હતી. આ નગરી માટે ચાર સંશોધન થયાં છે. સૂત્રો જણાવે છે કે દ્વારકામાં ભારતનું સૌથી પહેલું અંડર વોટર મ્યુઝિયમ બનાવવાની પ્રપોઝલ નેશનલ ઈન્ટીટ્યુટ ઓફ ઓશનોગ્રાફીના મરીન આર્કિયોલોજી યુનિટ તરફથી ગુજરાત સરકારને મળી હતી પરંતુ આ દિશામાં હજી કોઇ કાર્યવાહી થઇ શકી નથી. સબમરીન એક્રેલિક ટ્યુબ દ્વારા તૈયાર થનારા આ મ્યુઝિયમનો હેતુ એવો હતો કે પ્રવાસીઓ તેમજ સંશોધનકર્તાઓ આ નગરીની ભવ્યતા અને સુંદરતા માણી શકે. ડો. એસ. આર. રાવની ટીમે ૧૯૮૩ થઈ ૧૯૮૭ સુધી કરેલા સંશોધનો ૧૯૮૮માં જાહેર કરવામાં આવ્યા હતા...

### કૈલાસનાથન દિલ્હી જતા હોવાની હવા ...

ગુજરાતના ચીફ મિનિસ્ટરના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન નવી દિલ્હીની જોબ માટે જઇ રહ્યા છે?.. આવો પ્રશ્ન હાલ સચિવાલય સંકુલમાં પૂછાઇ રહ્યો છે. દિલ્હીના એક જાણીતા અંગ્રેજી અખબારનો અહેવાલ છે કે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના ખાસ ઓફિસર કે. કૈલાસનાથનને નવી જવાબદારી મળી શકે છે. તેમને નવી દિલ્હીમાં નિવૃત્તિ પછીનું કોઇ -ાઈમ પોસ્ટીંગ મળી શકે છે અથવા તો તેમને કોઇ રાજયના ગવર્નર બનાવવામાં આવી શકે છે. એક સિનિયર સેક્રેટરીએ કહ્યું હતું કે, અટકળો તેજ છે. હવા દિલ્હીથી ઉડતી આવી છે તેથી વાતમાં દમ હોય તેમ લાગે છે. ઉલ્લેખનીય છે કે કૈલાસનાથને વય નિવૃત્તિ પછી પાછલી ચૂંટણીઓમાં મોદીને પ્રોજેક્ટ કરવામાં ખૂબ મહેનત કરી છે...

### ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં દિન-રાત એક ...

અત્યારે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં બે પાળી ચાલતી હોય તેવું લાગે છે. આ વિભાગને એટલું બધું કામ આવી પડ્યું છે કે ઓફિસરોને ફુરસદ નથી. રાજય સરકારના ૨૨ વિભાગો તેમજ અન્ય સરકારી સાહસોની બજેટ રિલેટેડ કામગીરી એટલી બધી છે કે નવી કોઇ યોજના બનાવી શકે તેમ નથી. નરેન્દ્ર મોદી પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની સરકારનું આ પહેલું બજેટ છે. ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલની તેમાં કસોટી છે. ૨૦૧૫-૧૬માં બજેટ ફેબ્રુઆરી મહિનામાં આવી રહ્યું ત્યારે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના સૂત્રો જણાવે છે કે આ વખતે બજેટનું કદ ૧.૩૫ લાખ કરોડ થવાની ધારણા છે...

### જયનારાયણ વ્યાસ શું કરી રહ્યાં છે ...

ટેકનોક્રેટ અને પોલિટીશ્યન જયનારાયણ વ્યાસ અત્યારે સરકારથી દૂર છે. તેમના મોભાને અનુરૂપ હજી કોઈ પોસ્ટીંગ સરકારમાં થયું નથી. સિદ્ધપુરમાં વિધાનસભાની ચૂંટણી હારી ગયા પછી એમ હતું કે તેમને સરકારના પ્રાઈમ બોર્ડ-કોર્પોરેશનમાં સમાવી લેવામાં આવશે પરંતુ હજી સુધી તેમની કોઈ જગ્યાએ નિમણૂક થઈ નથી. ચૂંટણી સમયે તેમની જવાબદારી ટીવીની ન્યૂઝ ચેનલોમાં ભાજપની પેનલના ચીફ તરીકેની હતી, ત્યારબાદ તેઓ રાજકારણમાંથી અલોપ થઈ ગયા છે. આ પહેલા તેઓ જયારે સિદ્ધપુરની ચૂંટણી હારી ગયા હતા ત્યારે તેમને સરકારે નર્મદા નિગમના ચેરમેન બનાવ્યા હતા. ચીફ મિનિસ્ટર અને ભાજપના પ્રદેશ પ્રમુખ ટૂંક સમયમાં બાકીના મહત્વના બોર્ડ-નિગમમાં ચેરમેન તેમજ ડિરેક્ટર્સની નિયુક્તિ કરવાના છે ત્યારે તેમના નામની અપેક્ષા ભાજપનો એક ચોક્કસ વર્ગ રાખી રહ્યો છે...

### ઇન્ફર્મેશન ડિપાર્ટમેન્ટ ખૂબ એક્ટિવ છે ...

ગુજરાતના પ્રથમ મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ વહીવટમાં મોદીના રસ્તે છે. સોશ્યલ મિડીયામાં તેઓ ખૂબ એક્ટિવ છે. ફેસબુક, બ્લોગ, વેબસાઈટ અને ટ્વિટર પર તેઓ ત્વરીત ગતિએ પોસ્ટ કરે છે. તેમના વક્તવ્યની યાદી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષાઓમાં આવે છે. એક સિનિયર મિડીયા પર્સન કહે છે કે બહેને હવે ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટને પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોની જેમ એક્ટિવ કરી દેવું જોઈએ, કે જેથી મિડીયાને એક જ સ્થાનેથી તમામ સમાચારો મળી રહે. ઈન્ફર્મેશન જો ટ્વિટર અને ફેસબુક એકાઉન્ટને તેમની વેબ સાથે જોડી દેશે તો મિડીયાને ત્વરીત ખબર પહોંચી જશે. જો કે વાયબ્રન્ટ સમિટમાં ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટની અત્યંત ઝડપી કામગીરીના મિડીયા વર્લ્ડમાં ખૂબ વખાણ થઈ રહ્યાં છે...

# ચંદ્રાલા ખાતે યોજાયેલા સમૂહ લગ્નમાં ચેઈન સ્નેચર્સો આતંક મચાવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક સ્થિત ચંદ્રાલામાં ઉમા સંસ્કાર તિર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સમુહ લગ્નનું આયોજન થયું હતું. આ પ્રસંગમાં ચેઈન સ્નેચર્સ બેફામ બન્યા હતા. પ્રસંગ દરમ્યાન ગળામાંથી ચેઈન ગાયબ થઈ ગયાની ફરીયાદ સાથે ચાર-ચાર મહિલાઓ પોલીસ સ્ટેશન પહોંચી હતી. ચારેય મહિલાના ગળામાંથી મળીને ૨ લાખથી વધુ કિંમતના દોરા સેરવી ચેઈન સ્નેરર્સ ભાગી ગયા હતા. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ઉમા સંસ્કાર તિર્થ, ચંદ્રાલા ખાતે યોજાયેલા ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં થયેલી ચેઈન સ્નેચિંગ અંગે એક પછી એક ચાર મહિલાઓ ચિલોડા પોલીસ સ્ટેશન પહોંચી હતી. સાણોદા ગામના અંજનાબેન ગીરીષભાઈ પટેલનો ૨ તોલા વજનનો ૫૨ હજારની કિંમતનો દોરો, ડભોડા ગામના મંજુલાબેન મીઠાભાઈ પટેલના ગળામાંથી સવા બે તોલાનો ૫૦ હજારનો દોરો, ઝાખોરા ગામના અરૂણાબેન પ્રવિણભાઈ પટેલના ગળામાંથી બે તોલાનો ૫૨ હજારનો દોરો તથા ચંદ્રાલા ગામના કોકીલાબેન રમેશભાઈ પટેલના ગળેથી બે તોલાનો રૂ. ૫૨ હજારનો સોનાનો દોરો મળી ચેઈન સ્નેચરોએ રૂ. ૨.૦૫ લાખની કિંમતના ચાર દોરા સેરવી લઈ ચાર મહિલાઓના ગળામાંથી દોરાઓની ચોરી કરી હતી. ચિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. જે.બી. ચાવડાએ ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

## પ્રદિપસિંહ જાડેજા પરેડની સલામી ઝીલશે

ગાંધીનગર, તા. ૨૫

આજે ગાંધીનગર રામકથા મેદાન ખાતે દેશના ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવશે.

રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજા પરેડની સલામી ઝીલશે. આ પ્રસંગે શહેરની વિવિધ શાળાના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ પણ રજુ કરવામાં આવનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે સવારે ૯.૦૦ વાગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન તેમજ કોર્પોરેશનની કચેરી પાસે બનાવાયેલ સર્કલ અને કેન્ટીનનું લોકાર્પણ યોજવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રાંગણમાં પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના હસ્તે ધ્વજવંદન થશે. જિલ્લાની વિવિધ પ્રા. શાળાના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ શહેરભરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ઔદીચ્ય બ્રાહ્મણ બેસણું




અમારા મોટા ભાઈ **સ્વ. જગજીવન પુરુષોત્તમ વ્યાસ** તા. ૨૩-૧-૨૦૧૫ને શુક્રવારે કૈલાસધામ નિવાસી થયા છે. તેમની પ્રાર્થના સભા **તા. ૨૬-૧-૨૦૧૫ને સોમવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦** દરમિયાન અમારા નિવાસ સ્થાન : **સેક્ટર-૨૯ પ્લોટ નં. ૭૩૯/૧** ખાતે રાખેલ છે.

લી.

| | |
|---|---|
| વિશાળ સુરેશચંદ્ર વ્યાસ (ભત્રીજા) | લાભશંકર પી. વ્યાસ |
| યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ (ભત્રીજા) | (નિવૃત્ત આર્કિટેક) |
| યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ (ભત્રીજા) | રમણીકભાઈ પી. વ્યાસ |
| ઉર્વશી કમલકુમાર ભટ્ટ (દિકરી) | (નિવૃત્ત નાયબ સચિવ) |

માહિતી અને પ્રસારણ મંત્રાલય
ભારત સરકાર



૬૬ મો
પ્રજાસત્તાક દિવસ
૨૬ જાન્યુઆરી, ૨૦૧૫

''આપ ભારતને અસીમ સંભાવનાઓવાળા દેશના સ્વરૂપમાં જોશો.
સમગ્ર વિશ્વ માટે ભારત પ્રગતિ અને સંશક્તિનો એક ઉદાહરણ બની શકે છે.'' - નરેન્દ્ર મોદી

davp 22201/13/0041/1415